# આપણે આપણને

દેખવું અને એને વર્ણવવું એને કહે કવિતા.
કવિતાથી પહેલાં હતી બોલી.
બોલીનાં જ પવન અને અવકાશ કવિતામાં.
બે મનેખ વચ્ચેના અવકાશમાં બોલ બંધાય બંધાય ને અનંતમાં ઓગળી જાય.
એ બોલ 'હતો' એવો ભણકારો  રહે માત્ર.

એનું દ્વાર છે શ્રૂતિ.
બોલનારના અને સાંભળનારના મુખની ચમક
નાની મોટી થતી આંખ, ગાલનું ખંજન,
હોઠનો મરોડ, દંતપંક્તિનું તેજ,
પ્રાણનું, શ્વાસનું કંપન અને આકાશનો ગોરંભ, વાયુની સાખ
આ બધું બોલાતા શબ્દથી
જીવનમાં અનુભવાતી કવિતામાં ભળાય ને નસોમાં ઉતરે.
આ ઐશ્વર્યમાં કવિતા સદીઓથી વહેતી આવી.
આપણને મળેલી ખરી ચિનગારી છે બોલાતો શબ્દ.

લોકોને બોલી હોય અને શિષ્ટજનોને ભાષા હોય– આ કેવું?

શિષ્ટજનોમાંથી જ એક રાજા થાય.
કેમ લોક અને રાજા એકમેકનાં વિપરીત ઘટકો છે?
વાટમાં આવા સવાલો આવે છે.

લોકની બોલતી ધારાને આપણે ઝીલી નહિ
એટલે એનો કે આપણો પ્રાણ આપણને ઓળખાયો નહિ.
સીમાઓને ભજતાં રહી,
આપણે અસીમને પડકારતાં જ રહ્યાં માત્ર.
એથી સત્ ની ખેતી ચૂકી ગયાં.

વળી સત્ ની જીવતી ખેતીમાં રહેનારાંને સતત વ્રાત્ય, બાહ્ય, ઇતર આપણે જ ગણ્યાં.
‘આદિ’ સંજ્ઞા ય લઇ લેવા બળિયાં મચ્યાં છે.

તોય અણપુંથિયા જીવ હૈયામાં ઉતરીને હરખમાં, શોકમાં હલકથી ગાય છે.
પુંથિયાં બધું ખોળે છે ઉત્સવોના અવશેષમાં, માત્ર લેખનમાં.
અરે! ઉત્સવના ડેરા ત્યાંથી ઊઠી ગયા હોય છે.

વાત આટલી છે,
ભંગૂર અવતરે,
સુવાસ મૂકીને જતું રહે.
હદ અને બેહદમાં જીવતી,
વિરમતી બોલીની શગને સંકોરવી.
બોલીના અને લખણીના ખભા મેળવવા.
કાળી રાતમાં ગોઠિયાંને હોંકારી, પંથક હર્યોભર્યો કરવો.
બોલી અને લખણીના બે પગ
વારાફરતી આગળ કરી
ચાલવું મ્હાલવું દીવાભેર
જીવનમાં, કવિતામાં.

કેટલાં રૂપકોનાં રમકડાં
ઘડ્યાં આટલી અમથી વારમાં!

આ મેળો છે.
બોલવાની અને સાંભળવાની અદલાબદલી પણ થાય છે.
મળતાં અને છૂટાં પડતાં
આપણે આપણને
કે પરસ્પરને હળવેક ટકોરીએ છીએ : સંભારજો અમને.
ના ભૂલતાં.

# આભાર

નામો પાડું છું

સાહચર્ય વાર્ષિકી, એતદ્, પરબ, સમીપે, નવનીત સમર્પણ
કાર્યશાળા સરખાં સામયિકોનો, સંપાદકોનો

કવિતા સારુ સ્નેહ, હરખ અને હોંશ ભરવા બદલ
સહુ સહૃદયોનો

ગીતા-ભરત નાયક, દિલીપ ઝવેરી, ગુલામમોહમ્મદ શેખ,
હરીશ મીનાશ્રુ, કમલ વોરા, કિરીટ દૂધાત, નૌશિલ મહેતા,
અતુલ ડોડિયા, ગોપિકા જાડેજા, જયદેવ શુક્લ, દીપક દોશી,
ભરત મહેતા, પીયૂષ ઠક્કર, રાજેશ પંડ્યા, રમણીક સોમેશ્વર,
રાજેન્દ્ર પટેલ, બિપિન પટેલ, યોગેશ જોષી, દીપક રાવલ,
દક્ષા ભાવસાર અને સાહચર્યના સાથીઓનો

અગાઉ
'જનપદ', 'ડુંગરદેવ', 'ધરતીનાં વચન', 'દેશ'
અને હવે
'અમને ના ભૂલતાં'
ભાવકો સમક્ષ રજૂ કરું છું.

– **કાનજી પટેલ**

## અમને ના ભૂલતાં-૧

ગઈ કાલની જેમ
આજે નીકળીને હું
વડ તળે પહોંચું છું
વચન પાળવા સંધ્યાકાળે

કાયમી વડ છે
આથમણે કાયમની જેમ
સૂરજ પહોંચ્યો
અને ઘડી વારમાં ડૂબી ગયો
થોડી વારમાં બધાં પંખી બોલતાં થંભી ગયાં
એમનેય ખબર કે પૉરો ખાવાની વેળા આવી

બરાબર એમ જ
ગામની છોકરીઓ મૌનવ્રત ધરે
આકાશમાં તારા દેખાય ત્યારે
વ્રત છોડાવે
આગળ-પાછળ કોઈ હોય
એને ઇશારો કરી વ્રત છોડાવવા કહે

વ્રત છોડાવનાર કહે,
સાંજ પડી
સંધ્યા પડી
આરા ઊગ્યા
તારા ઊગ્યા
અંટ વાગ્યા
ઘંટ વાગ્યા
સીતાજીની વાડી ફૂલી
વાડીમાં આયફળ
જાયફળ સદાય ફળ
મુનિઓનાં મૌન છૂટ્યાં
બોલો મુનિ, રામ રામ